# ડીસા મામલતદાર કચેરીમાં નાગ મંદિરમાં સાક્ષાત નાગદેવતાના દર્શન

ડીસા, તા. ૨

ડીસા સહિત જિલ્લાભરમાં આજે બુધવારે નાગપંચમીની શ્રદ્ધાપૂર્વક ઉજવણી થઈ રહી છે સાથે સાથે આજે શ્રાવણ માસ તેના આખરી પડાવમાં હોઈ અનેકો જગ્યાએ શ્રદ્ધાળુઓ દ્વારા શિવ યજ્ઞ અને પૂજન પ્રસાદ ધરાવી નાગદેવતાની પૂજા-અર્ચના પણ કરાઈ હતી. તો વળી ડીસાની રત્નાગર સોસાયટીમાં વર્ષ-૨૦૧૪થી સ્થપાયેલા ગોગા મહારાજની ભાવિકોએ પૂજા અર્ચના કરી હતી અને આ પ્રસંગે ભાવિકોએ ગરીબ બાળકોને ભોજન પ્રસાદ આપી અન્નદાન કર્યુ



પણ થઈ રહેલ છે. ત્યારે આજે નાગપંમચી હોઈ ડીસા મામલતદાર કચેરી ગ્રાઉન્ડમાં આવેલા નાગદેવતા મંદિરે સાક્ષાત નાગદેવતાએ આવી દર્શન દેતા લોકો દર્શન કરવા ઉમટ્યા હતા.

ભારતભરમાં શ્રાવણ માસ દરમિયાન જપ, તપ, ઉપાસના અને ઉપવાસ દ્વારા અનોખી ઉજવણી થાય છે. જ્યારે આજે બુધવારે નાગપંચમીના દિવસે પણ બાજરાના લોટમાંથી બનાવેલ કુલેર સાથે શ્રીફળનો હતું. જ્યારે પૂજા અર્ચના કરતા હતા તેવાજ સમયે અચાનક જ સાક્ષાત નાગદેવતા પ્રગટ થયા હતા. જે જોઈ આ મંદિર ખાતે હાજર ભાવિકો નાગદેવતાના દર્શન કરી ધન્ય બન્યા હતા. કેમકે આજે નાગપંચમીની જ્યારે દેશભરમાં ભાવપૂર્વક ઉજવણી થઈ રહી છે ત્યારે હિંદુ સંસ્કૃતિમાં પૂજનીય એવા નાગદેવતા સાક્ષાત દેખા દેતા લોકો આ ચમત્કાર જોઈ અભિભૂત થયા હતા.

# ધાનેરાની સરકારી હોસ્પિટલમાં પીવાના પાણીની ગંભીર સમસ્યા

## વારંવાર રજુઆતો કરવા છતાં દર્દીઓની સમસ્યા ધ્યાને લેવાતી નથી : રાત્રે પાણી માટે એક કિ.મી. દૂર સુધી જવું પડે છે

ધાનેરા, તા. ૨

ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં છેલ્લા બે વર્ષથી પીવાના પાણીની સમસ્યા રહેલી છે અને લોકો પીવાના પાણી માટે વલખા મારી રહ્યા છે. પરંતુ આ સરકારી તંત્રને દર્દીઓની પરેસાની દેખાતી નથી તેમને તો બસ તેમના પગારમાં જ રસ રહ્યો છે. ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતીએ આપેલ આરો મશીન અને કુલર પણ પડ્યા પડ્યા જંક લાગી ગયો છે પરંતુ તે લોકોના ઉપયોગમાં લેવાતુ નથી.

રેફરલ હોસ્પિટલમાં રોજના ૨૦૦ જેટલા દર્દીઓ સારવાર માટે આવી રહ્યા છે અને ધાનેરા બોર્ડરનો વિસ્તાર હોવાથી રાજસ્થાનના લોકો પણ આ હોસ્પિટલમાં સારવાર અર્થે આવતા હોય છે પરંતુ આ આરોગ્યની મોટી મોટી વાતો કરનાર આરોગ્ય વિભાગ દ્વારા ધાનેરાની સરકારી હોસ્પિટલમાં પીવાના પાણીની સગવડ પણ કરી શકતી નથી અને આવનાર ગરીબ દર્દીઓને પીવાના પાણી માટે હોટલોમાં વલખા મારવા પડી રહ્યા છે તેમ છતાં આ સમસ્યા સરકારી હોસ્પિટલના વહીટીતંત્રને દેખાતી નથી કેમ કે તેમને તો એ.સી.માં બેસવાનું હોય છે અને મિનરલ વૉટર પિવાનું હોય છે તો તેમને ગરીબોના દર્દ ક્યાંથી દેખાય. ધાનેરાની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિએ આપેલ આરો. મશીન અને કુલર પણ આપ્યા છે. પરંતુ તે કુલર અને આર.ઓ. મશીનમાં પાણી ગયાને પણ વર્ષો વિતી જતાં તેઓ તેમાં પણ જંક લાગી જવા પામ્યો છે. આ બાબતે લોકોએ સરકારી હોસ્પિટલના તંત્રને પણ અવારનવાર પીવાના પાણી માટે રજુઆતો કરી છે પરંતુ તંત્રની ઉંઘ ઉડતી નથી અને તેનો ભોગ ગરીબ દર્દીઓ બની રહ્યા છે. આ અંગે દર્દીના સગા રમેશભાઈ પરમારે જણાવેલ કે પીવાના પાણીની સગવડ ન હોવાથી અમારે દિવસે પણ હોટલોમાં જઈ ચા પીવી પડે છે અને ત્યાર બાદ તે પાણીની બોટલો ભરવા દેતા હોય છે અને રાત્રે તો જો પાણી ભરીને ન રાખીએ તો દૂર દૂર પાણી માટે વલખા મારવા પડે છે અને આ બાબતે રોગી કલ્યાણ સમિતિના અધ્યક્ષને પણ વારંવાર રજુઆતો કરાઈ છે પરંતુ તેમને પણ આ ગરીબોને પીવાનું પાણી મળે તે બાબતે રસ દાખવ્યો નથી.

**રાત્રે પાણી માટે એક કિ.મી. દૂર જવું પડે છે. દવાખાનામાં એડમીટ થયેલા દર્દીઓને જો રાત્રે પાણી પીવું હોય તો તેમને રાત્રે પણ એક કિ.મી. દૂર હાઈવે ઉપર જઈને મોંઘા ભાવે પાણીની બોટલો ખરીદવી પડી રહી છે અને મફતમાં દવા કરાવતા તેમને પાણીના નાણાં વધી જતા હોય છે.**

## મટોડામાં યુવકે ગળે ફાંસો ખાઈ મોતને વ્હાલુ કર્યું

ખેડબ્રહ્મા, તા. ૨

ખેડબ્રહ્મા તાલુકાના ડોડીવાડા ગામના એક યુવકે બુધવારના રોજ ગળે ફાંસો ખાઈ લેતા મોત નિપજ્યું હતું.

# મોડાસા શહેરમાં લાલવાવટા જનરલ વર્કર્સ યુનિયન દ્વારા રાષ્ટ્રવ્યાપી હડતાળના સમર્થનમાં લાલવાવટા ફરકાવી સૂત્રોચ્ચાર કરાયા

મોડાસા, તા. ૨

મોડાસા શહેરના ચારસ્તા પર લાલવાવટા જનરલ વર્કસ યુનિયન દ્વારા દેખાવો યોજી માંગણીઓ માટે સૂત્રોચ્ચાર કરાયા હતા. કિસાનસભાના રાજ્ય પ્રમુખ પ્રાગજીભાઈના જણાવ્યા અનુસાર કેન્દ્રની ભાજપાની આગેવાની વાળી નરેન્દ્ર મોદીની સરકાર અમેરિકન સામ્રાજ્યવાદની નવી આર્થિક નિતિઓનો અમલ કરવાની ઉતાવળમાં એક પછી એક જનતા વિરોધી પગલા ભરી રહી છે. દેશમાં ગરીબી, બેકારી અને મોંઘવારીએ માજા મુકી છે. વિદેશી કંપનીઓ અને કોર્પોરેટ જગતને ફાયદો કરાવવા ખૂબજ સંઘર્ષ કરીને મેળવેલા મજૂર કાયદાઓને ઉલટાવવા મજૂર કાયદાઓમાં સંશોધનના નામે મોદી સરકાર કામદાર વિરોધી કાળો કાયદો લાવી રહ્યા છે અને માલિકોને ફાયદો કરાવવા મજૂર કાયદાઓ બદલી રહ્યા છે. કામદારોની સલામતી, માલિક દ્વારા કરાતી છટણીના નામે કાઢી મુકવાની અને કામદારો માટે ૮ કલાકની બદલે ૧૨ કલાક સુધી નોકરી ઓવરટાઈમ વગર કરવી પડશે. જે કારખાનાઓમાં ૩૦૦થી ઓછા કામદારો હશે (પહેલા ૧૦૦) હતા ત્યાં સરકારની પરવાનગી વગર જ કામદારોની છટણી કરવામાં આવશે તેમજ કર્મચારીઓની અન્ય આવનારા સમય દરમિયાન પડનારી તકલીફો અને કામદાર વિરોધી કાયદાના વિરોધમાં અને ખાનગીકરણના વિરોધમાં આજે દેશભરમાં સીટુ, ઈન્ટુક, આઈટુક, એચ.એમ.એલ. જેવા રાષ્ટ્રીય મજૂર સંગઠનો દ્વારા હડતાળના સમર્થનમાં આજે સીટી દ્વારા મોડાસા શહેરમાં દેખાવો યોજી સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા.



લાલવાવટા જનરલ વર્કર્સ યુનિયનના મહામંત્રી ડૉ. આર. જાદવના જણાવ્યા અનુસાર કામદારો આજે એક તરફ મોંઘવારી, બેરોજગારી, ભ્રષ્ટાચાર જેવા અનેક પ્રશ્નોનો સામનો કરી રહ્યા છે. અને બીજી તરફ તેઓને મળતા તમામ અધિકારો ઝુંટવાઈ રહ્યા હોવાથી સરકાર દ્વારા મજૂર કાયદામાં સૂચિત સુધારા કરવાના વિરોધમાં અને કામદારો અને કામદારોના અધિકારોને બચાવવા, સરકારની કામદાર વિરોધી નીતિનો સૂત્રોચ્ચાર દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો.

(તસવીર : જય અમીન, મોડાસા)

## પરોયા પાસેથી ૩૦ હજારનો દારૂ પકડાયો

હિંમતનગર, તા. ૨

ખેડબ્રહ્મા તાલુકાના પરોયા ગામની સીમમાં આવેલ ત્રણ રસ્તા નજીકથી મંગળવારે કારમાં લઈ જવાતો રૂ. ૩૦,૫૦૦ની કિંમતનો દારૂ અને બિયરનો જથ્થો ખેડબ્રહ્મા પોલીસે ઝડપી લીધો હતો. ત્યારબાદ અજાણ્યા કાર ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ખેડબ્રહ્માના પી.એસ.આઈ. જી.વી. ગોહિલે મંગળવારે પરોયા ગામની સીમમાં આવેલ ત્રણ રસ્તા પાસેથી પસાર થતી કાર નં. જીજે-૧૮-એસી-૮૦૫૭ શંકાસ્પદ જણાતા તેને ઉભી રખાવી હતી. ત્યારબાદ તેમાં તપાસ કરતા દારૂની સાત પેટી તથા ૧૯૩ બિયરના ટીન મળી રૂ. ૩૦,૫૦૦ પાસ પરમીટ વગરનો જથ્થો મળી આવ્યો હતો. જેથી પોલીસે કાર સાથે રૂ. ૧ લાખનો મુદ્દામાલ કબજે લઈ અજાણ્યા કાર ચાલક વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવાઈ હતી.

# પાલનપુરમાં નાગપાંચમે નાગણેજી માતાના મંદિરે ભક્તોની ભારે ભીડ જામી

પાલનપુર, તા. ૨

પાલનપુરના નવાબે બંધાવેલુ સર્વ ધર્મ સમભાવના પ્રતિક સમું શ્રદ્ધાળુઓ માટે ખુલ્લું મુકાયું હતું. વર્ષમાં માત્ર બે વાર જ ખુલતા શ્રી નાગણેજી માતાના મંદિરે આજે ભાવિક




ચમત્કારિક શ્રી નાગણેજી માતાનું મંદિર નાગ પંચમી નિમિત્તે ભક્તોની ભારે ભીડ જામી હતી.

નાગ પાંચમના તહેવાર નિમિત્તે પાલનપુરની રાજગઢી ખાતે આવેલા કોમી એકતાના પ્રતિક સમા શ્રી નાગણેજી માતાના મંદિરને દર્શનાર્થીઓ માટે ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. જેનો ભાવિક ભક્તોએ લાભ લઈ શ્રી નાગણેજી માતાની પૂજા-અર્ચના કરી ધન્યતા અનુભવી હતી. પાલનપુર નવાબની રાજપૂત રાણીના દાયજામાં શ્રી નાગણેજી માતા આવ્યા હતા. જોકે પાલનપુર નવાબે આજથી ૩૦૦ વર્ષ પૂર્વે બંધાવેલું શ્રી નાગણેજી માતાનું મંદિર, નાગ પાંચમ અને નવરાત્રી આઠમ સહિત વર્ષમાં માત્ર બે જ વખત જ ખુલે છે.

આજે પણ નવરાત્રી આઠમે શ્રી નાગણેજી માતાના મંદિરે થતા હવનમાં પાલનપુર નવાબના પરિવારજનો ફાળો આપી રહ્યા છે. ત્યારે પાલનપુરના રાજગઢી વિસ્તારમાં આવેલું નવાબી કાળનું શ્રી નાગણેજી માતાનું મંદિર કોમી એકતાની મિશાલ પુરી પાડી રહ્યું છે.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# મોડાસાની રાણાસયેંદ ચોકડી પાસે રીક્ષા ચાલકને અજાણ્યા વાહને ટક્કર મારતા મોત

મોડાસા, તા. ૨

અરવલ્લી જિલ્લાના મોડાસાની રાણાસયેંદ ચોકડી પાસે વહેલી સવારે કુદરતી હાજતે જતા રીક્ષા ચાલકને અજાણ્યા વાહને ટક્કર મારતા તેનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું.

મોડાસા શહેરના રાણાસયેંદ ગામના રહેવાસી ઈમ્તિયાજભાઈ વહેલી સવારે ઓટો રીક્ષા લઈ લીલી શાકભાજીની હેરાફેરીનો ધંધો કરતા હતા ત્યારે આજે સવારે ૬ વાગ્યાના સુમારે તેમની રીક્ષા શાકભાજી આપી પરત ફરી રહી હતી ત્યારે તેમને પેશાબ પાણી કરવા માટે રાણાસયેંદ ચોકડી પાસે તેમની રીક્ષા રોકી સાઈડમાં ઉભા રહ્યા હતા. તે અરસામાં એક અજાણ્યુ વાહન ત્યાંથી તેમને ટક્કર મારી નાસી છુટ્યું હતું અને તે વખતે આ ઈમ્તિયાજભાઈ ઘટનાસ્થળે ઢળી પડ્યા હતા અને લોહી લુહાણ થઈ ગયા હતા. ત્યાર બાદ ૧૦૮ આવે તે પહેલા ઘટનાસ્થળે મૃત્યુ પામ્યા હતા અને મોડાસા ટાઉન પોલીસે આવી અજાણ્યા વાહન વિરૂદ્ધ ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ત્યાર બાદ આ મૃતકને પી.એમ. માટે મોકલી આપી હતી. પણ હાલ તો મૃતક ઈમ્તિયાઝભાઈના પરિવાર ઉપર



આભ તુટે તેવી હાલત આવી પડી છે. કારણ કે આ મૃતકની માતા અંધ છે અને બહેન અપંગ છે તેના ઘરનો રોજી રોટીનો સહારો છીનવાઈ ગયો છે.

**(સમીર બલોચ, મોડાસા)**

## વડાલીમાં ભર બપોરે મહિલાના ગળામાંથી સોનાના દોરાની તફડંચી

હિંમતનગર, તા. ૨

વડાલી બસ સ્ટેન્ડ પાછળ આવેલ જૈન દેરાસર નજીકથી સોમવારે બપોરે ભજનમાં જઈ પરત આવતી મહિલાના ગળામાંથી અજાણ્યો શખ્સ બે તોલા સોનાના દોરાની તફડંચી કરી ભાગી ગયો હતો. જે અંગે મહિલાએ મંગળવારે વડાલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

આ અંગેની વિગત એવી છે કે વડાલીમાં રહેતા કમલાબેન પટેલ કચ્છી મહિલા મંડળના પ્રમુખ હોવાને નાતે સોમવારે બપોરે શ્રાવણ માસ હોવાથી બસ સ્ટેન્ડ પાછળ આવેલ જૈન દેરાસર પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે બાઈક પર હેલ્મેટ પહેરી આવેલા એક ગઠિયાએ તેમના ગળામાંથી સોનાના દોરાની તફડંચી કરીને ભાગી ગયો હતો. જોકે કમલાબેને બૂમાબૂમ કરવા છતાં તે પકડાયો ન હતો. ત્યારબાદ તેમણે મંગળવારે વડાલી પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# મેટોડાના મોટનેશ્વર મહાદેવ મંદિરનો અનોખો મહીમા

## મંદિરની ત્રણ ફૂટ ઉંચી શિવમૂર્તિ પાંડવ કાળની હોવાની માન્યતા

ખેડબ્રહ્મા, તા. ૨

ખેડબ્રહ્મા તાલુકાના મટોડા ગામે બિરાજમાન મોટનેશ્વર મહાદેવના દર્શનાર્થે શ્રાવણમાસ અને બારેમાસ શિવભક્તોની ભીડ જોવા મળે છે. પાંડવકાળના આ શિવાલયમાં ભક્તો દ્વારા અબીલ-ગુલાલ, દૂધ-બીલીપત્ર-ફૂલ તથા જળ ચઢાવી ધન્યતાનો અનુભવ કરતા હોય છે. આ શિવાલય સંકુલમાં ૧૩ શિવલીંગો હોવાથી તેરલીંગ મહાદેવ તરીકે પણ ઓળખાય છે. આ શ્રાવણ માસના ત્રીજા સોમવારે શિવભક્તો સદાશિવના દર્શનાર્થે મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.



મટોડા ગામના મોટનેશ્વર મહાદેવ મંદિરમાં શિવલીંગ મૂર્તિ આકારનું છે અને ઉંચાઈ ત્રણ ફૂટ અને એક બાય એક ફૂટની પહોળાઈ ધરાવતુ આ શીવલીંગ કોઈ જટાધારી મહર્ષિની પ્રતિમા સમાન લાગે છે. આ શિવમૂર્તિ લગભગ પાંચ હજાર વર્ષ કરતા પણ વધુ પ્રાચીન તથા મહાભારત કાળ સમયની હોવાનું માનવામાં આવે છે. કુન્તામાતા દ્વારા મૂર્તિની સ્થાપના કરવામાં આવી હોવાની માન્યતા છે.

કેટલાક શિવલીંગ વિશાળ કદના જલાધારી સહિત કંડારીને બનાવેલ છે અને કેટલાક નાના કદના બનાવેલ છે અને તેમાં પથ્થર શ્વેત અને શ્યામ છે. આ શિવાલયને મહંમદ ગજનવી તથા અલ્લાઉદ્દીન ખીલજીના સરદાર અલફખાન દ્વારા બે વખત વિધ્વ કરાયા બાદ પુનઃ નિર્માણ પામ્યું હતુ. મૂર્તિ આકારનું શિવલીંગનું શિવાલય નષ્ટ થવાના કારણે ભાવિકો દ્વારા ખુલ્લા શિવલીંગ પર વાંસની પટ્ટીઓમાંથી બનાવેલ સાદડી દ્વારા છાયા કરવામાં આવી હતી.

# પ્રાંતિજમાં યુ.જી.વી.સી.એલ. કર્મચારીનો નિવૃત્ત સમારોહ યોજાયો

પ્રાંતિજ, તા. ૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલ ઉત્તર ગુજરાત વિજકંપનીમાં ફરજ બજાવતા એક કર્મચારી વયમર્યાદાના કારણે નિવૃત્ત થતાં સ્ટાફ દ્વારા વિદાય સમારોહ યોજાયો.



પ્રાંતિજ ખાતે આવેલ વિજકંપનીમાં ફરજ બજાવતા ભગવતભાઈ સી. બ્રહ્મભટ્ટ કે જેવો સરકારના ધારાધોરણ મુજબ વયમર્યાદાના કારણે નિવૃત્ત થતા તેવોનો વિદાય સમારોહ તા. ૩૧-૮-૨૦૧૫ને સોમવારના રોજ નેશનલ હાઈવે આઠ શ્રી દશામાંના હોલમાં રાખવામાં આવ્યો હતો. જેમાં અરવલ્લી સાબરકાંઠાના સાંસદ દિપસિંહ રાઠોડ, પૂર્વ શિક્ષણમંત્રી જયસિંહ ચૌહાણ, રઈશભાઈ કસ્બાતી, પ્રાંતિજ વિજકંપની એન્જીનિયર ઉપાધ્યાય, વિજકંપની સ્ટાફ સહિત ગામમાંથી આમંત્રિત મહેમાનો સહિત સગાસંબંધીઓ સહિત લોકો ઉપસ્થિત રહ્યા હતા અને નિવૃત્ત થઈ રહેલા ભગવતભાઈને ફૂલહાર, શ્રીફળ, મોમેન્ટો, શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

# ખેડબ્રહ્મામાં એલ.આઈ.સી.નો સ્થાપના દિન ઉજવાયો

ખેડબ્રહ્મા, તા. ૨

ખેડબ્રહ્મામાં એલ.આઈ.સી.ના ૫૯મા સ્થાપના દિનની ઉજવણી અંતર્ગત વિમા સપ્તાહ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે એલ.આઈ.સી. ઓફીસમાં મંગળવારે સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે દેના બેંકના બ્રાન્ચ મેનેજર - ડૉ. દક્ષાબેન પટેલ તથા વડાલી કન્યા વિદ્યાલયના આચાર્યા દક્ષાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સમારંભની શરૂઆતમાં બ્રાન્ચ મેનેજર અજીતકુમાર સીંગે સૌને આવકારી સ્વાગત કર્યુંહતું. આ પ્રસંગે એલ.આઈ.સી.ના વિવિધ પ્લાન અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. વીમા સપ્તાહ ઉજવણીના ભાગરૂપે કર્મચારી પરિવાર તથા વીમા ધારકો માટે મેડીકલ ચેકઅપ કેમ્પ તથા શાળાઓમાં વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરી સ્પર્ધકોને ઈનામ આપી પ્રોત્સાહીત કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. ખેડબ્રહ્મા શાખાની સારી કામગીરી માટે મળેલ ઉત્તમ ગુણવત્તા એવોર્ડ માટે શાળા પરિવારને બીરદાવવામાં આવ્યા.




# શામળાજીમાં જન્માષ્ટમીની ઉજવણીની તડામાર તૈયારી શરૂ

શામળાજી, તા. ૨

ગુજરાતના પ્રસિદ્ધ યાત્રાધામ અરવલ્લીના શામળાજીમાં શ્રી વિષ્ણુ મંદિરમાં આગામી તા. ૫-૯-૧૫ના રોજ આઠમના દિવસે જન્માષ્ટમી પર્વની ઉજવણી ભારે ધામધુમથી કરવામાં આવશે. તેમજ ગામમાં તોરણો બાંધી મટકીફોડ કાર્યક્રમ પણ યોજવામાં આવશે. આગામી જન્માષ્ટમીનું પર્વ શામળાજીના શ્રી વિષ્ણુ મંદિરમાં ભારે ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવનાર છે. જેથી શામળાજીમાં મંદિરનો સમય નીચે મુજબ રહેશે. જેમાં મંદિર ખુલશે સવારે ૬ વાગે, મંગળા આરતી - ૬.૪૫ કલાકે, શણગાર આરતી સવારે ૯.૧૫ કલાકે, રાજભોગ થાળ સવારે ૧૧.૩૦ કલાકે બપોરે ૧૨.૧૫ કલાકે મંદિર બંધ રહેશે. બપોરના ૨.૧૫ કલાકે ઉથ્થાપન થશે. સંધ્યા આરતી સાંજે ૭.૧૫ ક. કૃષ્ણ ભગવાનનો જન્મ રાત્રે ૧૨.૦૦ કલાકે આરતી ૧૨.૩૦ ક. મહાભોગ રાત્રે ૧૨.૪૫ ક. શયન આરતી રાત્રે ૧ બાદમાં ૧.૧૫ કલાકે મંદિર બંધ થશે. જેની ભાવિક ભક્તોએ નોંધ લેવી. ઉજવણીના ભક્તો દ્વારા અત્યારથી તૈયારી શરૂ થઈ છે.

## ખેડબ્રહ્મામાં બ્રહ્મસમાજ દ્વારા રેલી યોજાશે

ખેડબ્રહ્મા, તા. ૨

ખેડબ્રહ્મા ખાતે ગુરૂવારના રોજ બ્રહ્મસમાજ દ્વારા રેલીનું આયોજન કરવામાં આવ્યું છે.

સમસ્ત બ્રાહ્મણ સમાજ દ્વારા સમગ્ર બ્રાહ્મણ સમુદાયોને સંગઠીત થઈ બ્રાહ્મણ સમાજને શૈક્ષણિત-આર્થિક પછાતમાં સમાવેશ થાય તેવી માંગણી સરકાર સમક્ષ રજુ કરવા રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ રેલી કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરથી નીકળી માણેકચોક, સરદાર ચોક, પેટ્રોલ પંપ થઈ તાલુકા સેવા સદનમાં પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપશે.